જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૩/૧૨/૨૦૧૭ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૫૭૧/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ૫૦ કેસ કરી, ૪૨ વ્યક્તિઓને ઝડપી, ૫૪૬ લીટર દેશી દારૂ, ૬૩૦ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૬૫ ક્વૉટર ઇંગ્લીશ દારૂ, ૦૧ એક્ટીવા, ૦૧ મોટર સાયકલ, ૦૧ ઓટોરીક્ષા અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૧ કેસ કરી, ૦૧ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૩,૨૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૫૭૨/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૮૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**ઘરફોડ ચોરી :- સમાચાર યાદી નં.૨૫૭૩/૧૭**

**રાણીપ :** ધવલ દેવેંદ્રભાઇ ભટ્ટ (ઉ.વ.૩૬)(રહે,વિધાલક્ષ્મી એપાર્ટમેન્ટ, કેશવનગર સુભાષબ્રિજ) એ રાણીપ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૧/૧૨/૧૭ સાંજના ૫/૩૦ થી તા.૨૨/૧૨/૧૭ બપોરના ૧/૩૦ સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના મુખ્ય દરવાજાનો નકુચો તોડી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, લાકડાના કબાટનું લોક તોડી, ચાંદીના દાગીના અને રોકડ રકમ મળી કુલ રૂપિયા ૧,૬૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.જી.ઢોડીયા ચલાવે છે.

**નજર ચુકવી ચોરી:- સમાચાર યાદી નં.૨૫૭૪/૧૭**

**ગાયકવાડ હવેલી :** લીનાબેન W/O ટ્રીનીલ્સભાઇ વિનયચંદ્ર બામણીયા(ખ્રિસ્તી)(ઉ.વ.૩૦)(રહે,ગામ-જેતપુર, ટોરડા તા-ભિલોડા જી-અરવલ્લી) તા.૨૨/૧૨/૧૭ ના કલાક ૯/૩૦ થી ૧૦/૩૦ સુધીના સમયગાળા દરમ્યાન એસ.ટી.ગીતામંદિર થી ખમાસા ચાર રસ્તા સુધીની ઓટોરીક્ષાની મુસાફરી દરમ્યાન ઓટોરીક્ષાના ચાલક તથા પેસેન્જર તરીકે બેઠેલ ત્રણ અજાણ્યા ઇસમોએ ભેગામળી લીનાબેનની નજર ચુકવી તેમના પાકીટની ચેન ખોલી, તેમાંથી રોકડા રૂપીયા ૨૫,૦૦૦/- ચોરી કરી લઇ જઇ નાસી ગયા છે. આ અંગેની ફરીયાદ લીનાબેને ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પોસ.ઇ.શ્રી પી.એન.પ્રજાપતી ચલાવે છે.

**વાહન ચોરી :-** **સમાચાર યાદી નં.૨૫૭૫/૧૭**

**સોલા હાઇકોર્ટ :** દિનેશ વિશારામજી પરિહાર (ઉ.વ.૩૮)(રહે,શેલ હેરીટેઝ સત્યમેવ વિસ્તા પાસે ગોતા) એ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૨/૧૨/૧૭ સાંજના ૭/૩૦ વાગ્યાના સુમારે સોલા તળાવ પાસે આવેલ ખીહરી ઇન્ટરનેશનલ આર્ટે નામની ફેક્ટરીની સામેની સાઇડ રોડ ઉપર પોતાની મહિન્દ્રા સ્કોરપીઓ એસ-૧૦ ફોર વ્હીલ ગાડી નંબર જીજે.૦૧.આર.વી.૮૩૦૨ કિંમત રૂપીયા ૧૧,૦૦,૦૦૦/- પાર્ક કરી મુકી હતી. જેની ચોરી રાતનાં ૯/૦૦ વાગ્યા દરમ્યાન થઇ હતી. આ ગુનાની તપાસ પોસ.ઇ.શ્રી વી.યુ.પાડવી ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુ:-** **સમાચાર યાદી નં.૨૫૭૬/૧૭**

**નારોલ :** જનકસિંહ મોહરૂપસિંહ તોમર (રહે,પઠાણની ચાલી, ભીલ સોસાયટી, શ્રીરામ બેકરીની સામે સ્વસ્તીક ચાર રસ્તા પાસે, અમરાઇવાડી) એ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૨/૧૨/૧૭ ના કલાક ૧૨/૦૦ વાગ્યાના સુમારે અસલાલી નારોલ હાઇવે પર બ્રીજ ચડતા નારોલ કોર્ટ ની સામે રોડ ઉપર એક આઇસર ગાડી નંબર જીજે.૦૧.વી.૪૦૮૦ ના ચાલકે પોતાના કબજાની આઇસર પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી લાવી, જનકસિંહના ભત્રીજા અજયસિંહ (ઉ.વ.૩૬) ને ટક્કર મારી નીચે પાડી દેતા, તેમને માથામાં અને બંને પગના પંજા ઉપર તથા બંને હાથના કાંડાની આજુબાજુ ઇજાઓ થતા, સારવાર અર્થે તેમને એલ.જી.હોસ્પીટલમાં દાખલ કર્યા હતા. જ્યાં સારવાર બપોરનાં ૩/૧૦ વાગે અજયસિંહનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની તપાસ પોસ.ઇ.શ્રી જે.બી.રાઠોડ ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૨૫૭૭/૧૭**

**રીવરફ્રન્ટ ઇસ્ટ :** વિક્રમભાઇ પોપટભાઇ દાતણીયા (ઉ.વ.૫૫)(રહે,સુંદરમ સોસાયટી ઔડાના મકાન રીલાયન્સ પેટ્રોલ પંપની પાછળ વસ્ત્રાલ) એ કોઇ અગમ્ય કારણસર તા.૨૨/૧૨/૧૭ ના કલાક ૧૧/૧૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે માસ્તર કોલોની ત્રણ રસ્તા સાબરમતી રીવરફ્રન્ટ નદીના ઘાટ નંબર-૭ વોક વે નજીક સાબરમતી નદી ના પાણીમાં ડુબીજઇ આત્મહત્યા કરી લીધી છે. આ અંગે રીવરફ્રન્ટ ઇસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી બળવંતભાઇ શંકરભાઇચલાવે છે.

**ખાડીયા :** ગોપેશભાઇ પ્રમોદભાઇ પારેખ (ઉ.વ.૪૨)(રહે,હિરાબાગ સોસાયટી, વિભાગ-૨, કર્મચારી નગરની બાજુમાં, ઘાટલોડીયા) એ તા.૨૨/૧૨/૧૭ ના કલાક ૯/૩૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે સારંગપુર દોલતખાના જૈન ઉપાશ્રયની બાજુમા ઋષભ ફોઇલ્સ પ્રિટીંગ પ્રેસના અંદરના રૂમમાં છતનાં પંખા સાથે ચાદર બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી છે. આ અંગે ખાડીયા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જે.ડી.પંડયા ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.